દાખલ તારીખ ઃ– ૨૫/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ– ૨૫/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ– ૦૭/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ– વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૧૦

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

## પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ– ૧૫૮/૨૦૨૬.**

આંક ઃ– ૦૭.

***અરજદાર*** ઃ– ઠાકોર કીર્તિજી વિનુજી.
ઉ. વ. આ. – ૩૦, ધંધો – ખેતી.
રહે. સહેસા, તા. સિદ્ધપુર, જી. પાટણ.

**વિરૂદ્ધ**

***સામાવાળા*** ઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબત ઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજ.

*****************************************

// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી જે.એ.શ્રીમાળી //

// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.પી.રાવલ //

*****************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપીની સિદ્ધપુર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૩૦૨૬૦૧૧૫/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૧૯(૧), ૧૪૦(૩), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે પોલીસ ધરપકડ કરે તેવી દહેશત વ્યકત કરી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીના લેખીત કથન અનુસાર અરજદાર /આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીનું અપહરણ કરી, લીધેલ પૈસા પાછી આપવા નહીં તો કોરા ચેક આપી દે તેવી ધમકીઓ આપી, ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાની ફરીયાદ છે. આ કામે ગુનો બન્યાની તા.૦૪/૦૨/૨૦૨૬ છે અને તેની ફરીયાદ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ નોંધ કરેલ છે. ફરીયાદીએ અપહરણ થતું હોય ત્યારે બુમો પાડી ભાગી છુટવાની કોશિષ કરેલ નહીં જેથી સદર ઘટના અપહરણ નથી. સદર ગુનાઓમાં દસ વર્ષ, સાત વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ફરીયાદીએ ક્યા વ્યાપારીઓ દ્વારા પૈસાની માંગણી કરેલ તેના નામ ફરીયાદમાં જણાવેલ નથી. અરજદાર/આરોપીએ કોઈ ગુનો કરેલ નથી અને ખોટી સંડોવણી કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી બનાવવાળી જગ્યાએ બનાવના દિવસે હાજર ન હતા તેમજ ગુનામાં કોઈ મદદ કરેલ નથી. અરજદાર/આરોપીએ ફરીયાદીનું અપહરણ કરેલ નથી અને પોલીસે ખોટી રીતે આરોપી બનાવેલ છે. અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે રહે છે અને નાસી ભાગી જાય તેમ નથી અને ખેતીની જમીન ધરાવે છે. અરજદાર /આરોપી રીઢા ગુનેગાર નથી અને જેલમાં રહેવાનો વારો આવે તો સમાજ અને ગામમાં તેઓની નામોશી થાય તેમ છે. અરજદાર/આરોપી ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આ કામે ફરીયાદ વિલંબથી કરવાનું ચોક્કસ કારણ બતાવેલ નથી. આ કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૦૨) હાલની અરજી રજુ થતા આ કામના સામાવાળા/સરકારને નોટીસ કરતા, આ કામના સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી આર.પી.રાવલ હાજર થયેલ છે.

(૦૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રીની દલીલ એવી છે કે, અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીનું અપહરણ કરેલ હોવાનો આક્ષેપ છે. સદર કામે અરજદાર/આરોપીની બનાવ સમયે હાજરી ન હોવા છતાં ખોટી રીતે સદર ગુનામાં સંડોવેલ છે. સદર ગુનાનો બનાવ તા.૦૪/૦૨/૨૦૨૬ નારોજ બનેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે. સદર કામે ફરીયાદમાં જે સ્કોર્પીયો ગાડી નં. જીજે-૨૪/બીસી-૮૧૬૮ નો ઉપયોગ થયેલ હોવાનું જણાવે છે, પરંતુ સદર વાહન ઉપર તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મોટર વ્હીકલ એક્ટ મુજબ સદર વાહન અટકમાં લેવામાં આવેલ છે. જેથી આ કામના ફરીયાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ ફરીયાદી આપેલ છે. આ કામે ફરીયાદ બે દિવસ મોડી આપવામાં આવેલ છે તે અંગેનો કોઈ ખુલાસો ફરીયાદમાં કરેલ નથી. જે જગ્યાએ બનાવ બનેલ છે તે દેથળી ચાર રસ્તા જાહેર સ્થળ છે. ફરીયાદીએ કોઈ બુમાબુમ કરેલ નથી કે પોતાને બચાવવાનો પ્રયત્ન કરેલ નથી. વેપારીઓની લેવડદેવડની હકીકત જણાવેલ છે, પરંતુ તે અંગે કોઈના નામ જણાવેલ નથી. આ કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં ન આવે તો તેઓની સમાજમાં બદનામી થાય તેમ છે. ગુનાના કામે જે હકીકત હતી તે તમામ રેકર્ડ ઉપર આવી ગયેલ છે. સદર કામે તપાસ કરનાર અધિકારીને તપાસ માટે પુરતો સમય મળેલ છે. જેથી આ કામના અરજદાર/આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂરીયાત નથી. અરજદાર/આરોપી તપાસમાં સાથ સહકાર આપવા બાંહેધરી આપે છે. અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની રહેતી નથી. આ કામના અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે રહે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૦૪) સદર કામે સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરેલ છે અને એવી દલીલ રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૧૯(૧), ૧૪૦(૩) વિગેરે મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ સ્કોર્પીયો ગાડીમાં આવી ફરીયાદીનું અપહરણ કરેલ છે અને નાણાં આપી દેવા નહીં તો કોરા ચેક આપવા ધમકી આપેલ છે. આ કામે બચાવ પક્ષ તરફે ફરીયાદમાં જણાવેલ વાહનની હાજરી નહીં હોવા બાબતે મેમો રજુ કરેલ છે, પરંતુ આ કામે રજુ થયેલ સી.સી.ટી.વી. ફુટેજ ધ્યાને લેતા સદર વાહનની બનાવ સમયે હાજરી હોવાનું અને તેમાં ફરીયાદીનું અપહરણ થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. આમ, આ કામના અરજદાર/આરોપી દ્બારા પોતાની ખોટી અનઉપસ્થિતિ બતાવવા પ્રયત્ન કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. આ કામના અરજદાર/ આરોપી ગુનો બન્યો ત્યારથી મળી આવેલ નથી અને નાસતા ફરતા રહેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે અને આ કામના અરજદાર/આરોપીની સદર ગુનામાં સંડોવણી છે અને તપાસના કામે જરૂરીયાત છે. આ કામના અરજદાર /આરોપી જામીન ઉપર મુક્ત થાય તો તપાસમાં સહકાર આપે તેમ નથી. જેથી ગુનાની ગંભીરતા તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકત ધ્યાને લઈ આ કામના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. આ કામે અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીનું અપહરણ કરી વેપારીઓના લીધેલ પૈસા આપી દે અથવા કોરા ચેક આપી દે તેવી ધમકીઓ આપી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, ગડડાપાટુનો માર મારી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫.૧) સદર કામે અરજદાર/આરોપી તરફે સદર ગુનાના કામે મોટાભાગની તપાસ પુર્ણ થઈ ગયેલ હોઈ અને ગુનાની તપાસ હકીકત રેકર્ડ

ઉપર આવી ગયેલ હોઈ અરજદાર/આરોપીની પોલીસને તપાસના કામે જરૂરીયાત ન હોઈ જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે, પરંતુ આ કામે અરજદાર/આરોપી તથા અન્ય આરોપી દ્વારા ફરીયાદીનું અપહરણ કરેલ હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવે છે. વધુમાં આ કામે સદર ગુનાનો બનાવ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ બનેલ હોવાનું અને તેની ફરીયાદ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે. ત્યારબાદથી અરજદાર/આરોપી નાસતા ફરતા રહેલ છે અને તપાસ કરવા છતાં મળી આવેલ નથી. આમ, અરજદાર/આરોપીની ગુનો નોંધાયા બાદની સદર વર્તણુંક પણ ધ્યાને લેવી જરૂરી છે. સદર હકીકત ધ્યાને લેતા તેમજ નામ. સુપ્રિમ કોર્ટનો સ્પે. લીવ પીટીશન(ક્રિમીનલ) નં. ૧૪૦૩/૨૦૦૨, જગતારસિંહ વિરૂદ્ધ સતેન્દ્ર કૌર ઉર્ફે ભાવના ગ્રોવરનો ચુકાદો ધ્યાને લેતા જ્યારે આરોપી નાસતા ફરતા હોય તે સંજોગોમાં આગોતરા કે રેગ્યુલર જામીન અરજી મંજુર કરવાનો કોઈ સવાલ ઉભો થતો નથી. જેથી અરજદાર/આરોપી તરફેની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર થતી નથી. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના કામે સી.સી.ટી.વી. ફુટેજ પેન ડ્રાઈવમાં મેળવી રજુ કરેલ છે જે જોતા આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીએ ભેગા મળી ફરીયાદીને બળજબરીથી સ્કોર્પીયો ગાડીમાં બેસી લઈ ગયેલ છે. આમ, ક્યા વેપારીના કહેવાથી અરજદાર/આરોપીનું અપહરણ કરવામાં આવેલ છે તે અંગે અરજદાર/આરોપીની પર્સનલ ઈન્ટ્રોગેશન માટે જરૂર છે.

(૫.૨) સદર કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય પુરાવો હોવાનું અને ગુનામાં તેઓની સંડોવણી હોવાનું હાલના તબક્કે જણાય છે. વધુમાં અરજદાર/આરોપી દ્વારા મોટર વ્હીકલ એક્ટ મુજબનો મેમો રજુ કરી ખોટી એલીબી(Alibi) ઉભો કરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં અરજદાર/આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની પોલીસને જરૂરીયાત હોવાનું હાલના તબક્કે જણાઈ આવે છે. વધુમાં એ હકીકત નિર્વિવાદ છે કે, જો આવા ગુનાની તલસ્પર્શી તપાસ થવા દેવામાં ન આવે તો આખી ટ્રાયલ નિષ્ફળતામાં પરિણમે અને એથી આ પ્રકારનો ગુનો કરનાર વ્યક્તિને સીધું જ ઉત્તેજન મળે. એવા સંજોગોમાં અત્યારથી અરજદાર/

આરોપીની અટક ઉપર રોક લગાવી દેવામાં આવે તો ન્યાયનો હેતુ સરે નહીં. આમ, ઉપરોક્ત તમામ હકીકત ધ્યાને લેતાં તેમજ નામ. સર્વોચ્ચ અદાલતના **સિદ્ધરામ સતલીંગપ્પા મહાત્રે વિરૂદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૧૧(૧) જી.એલ.એચ., પેજ નં. ૬૯૪** ના ચુકાદામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૮ ની અરજીઓ નિર્ણીત કરવા માટેના સીમાચિહ્નરૂપ ચુકાદાનો સિદ્ધાંત મદ્દે નજર રાખવામાં આવે તો પણ અરજદાર/આરોપી સામેનો ગુનો સમાજ ઉપર અસરકર્તા છે, જેમાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી છે, તેવા કિસ્સામાં આગોતરા જામીન આપી શકાય નહીં. જેથી આ કામના અરજદાર/ આરોપીનો રોલ, વર્તણુંક, કેસની હકીકત, સંજોગો તથા ગુનાની ગંભીરતા વિગેરે હકીકત ધ્યાને લેતા હાલના તબક્કે આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં અદાલતને મળેલ વિવેકબુદ્ધિની સત્તા વાપરવાનું યોગ્ય જણાતું ન હોઈ, આ કામના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવાનું યોગ્ય જણાતું ન હોઈ નીચે મુજબ હુકમ કરું છું.

## // હુ ક મ //

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૨ અન્વયેની અરજદાર/આરોપીની ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૫૮/૨૦૨૬ ની આગોતરા જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬.

પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
પાટણ.
**( Judge U.I.Code No. GJ** 00524 **)**

( **BKP** )